જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૦૫/૧૨/૨૦૧૮ બુધવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૩૬૧/૧૮**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૯ કેસ કરી, ૪૮ વ્યક્તિઓને ઝડપી, ૬૭૮ લીટર દેશી દારૂ, ૩ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૨૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨,૧૬,૬૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૩૬૨/૧૮**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૬૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી-૯૩ મુજબ ૧૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**છેતરપીંડી અને વિશ્વાસઘાત :-** **સમાચાર યાદી નં.૨૩૬૩/૧૮**

**સોલા હાઈકોર્ટઃ** રાકેશભાઇ દુર્ગાપ્રસાદ શર્મા (રહે.શિવનગર ચાંદલોડીયા ગરનાળા નજીક ન્યુ રાણીપ) એ તા.૦૪/૧૨/૧૮ નારોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૧૧/૧૮ કલાક ૭/૦૦ વાગ્યાના સુમારે ચાણક્યપુરી ડમરૂ સર્કલ પાસે એક્સીસ બેન્કના એ.ટી.એમ.ખાતે બેન્ક બેલેન્સ ચેક કરવા ગયા હતા ત્યારે અજાણ્યા પુરૂષે રાકેશભાઇને “બેલેંસ ચેક કરી આપુ જો તમે કરશો તો બેલેંસ કપાઇ જશે, તમોને શીખવાડુ” તેમ કહી વિશ્વાસમાં લઈ એ.ટી.એમ.કાર્ડ તથા પાસવર્ડ મેળવી લઈ રાકેશભાઇને બીજુ એ.ટી.એમ.કાર્ડ આપી રાકેશભાઇના ખાતામાંથી રૂપિયા ૮૨,૪૮૩/- ઉપાડી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.જે.હુણ ચલાવે છે.

**નરોડાઃ** સુરેશભાઇ માંગીલાલ ચૌધરી (ઉ.વ.૩૩)(રહે.આઝાદ ચોક જૈન દેરાસર પાછળ નરોડા ગામ નરોડા) એ તા.૦૪/૧૨/૧૮ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૦૩/૧૮ કલાક ૧૨/૩૦ વાગે તેમજ અલગ અલગ તારીખ-સમયે આરોપી (૧) તુષારભાઇ હર્ષદરાય શુક્લા (રહે.શુકલ પોળ માતર તા-માતર જી-ખેડા)(૨) રાકેશભાઇ અરવિંદભાઇ ચાવડા (રહે.સરદાર પટેલ સોસાયટી ગણેશ ચોકડી આણંદ)(૩)નયનાબહેન મહેશભાઇ ગોહીલ અને(૪)દિનેશભાઇ સેન(રહે.પુજાવાળી ફળી નરોડા) એ ભેગા મળી તેમનો આણંદ ખાતે એલીકોન કંપનીમા ગાડીઓ ભાડેથી રાખવાનો કોન્ટ્રાક્ટ છે તેમ કહી ગાડીઓનું ઉંચુ ભાડુ અપાવશે તેમ કહી નરોડા ગામમાં આવેલ સુરેશભાઇની શ્રી પદમાવતી સુપર કિરણા સ્ટોર્સ ખાતેથી સુરેશભાઇની તથા તેમના ભાઇ હરેશભાઇ તથા દિનેશભાઇ રાવલ તથા રમીલાબહેનન વાઘેલા નાઓની ગાડીઓ (૧) ઈનોવા કાર નંબર જીજે ૧ ઈટી ૧૦૪૯ કિમત રૂપિયા ૬,૦૦,૦૦૦/- (૨) ટવેરા કાર નંબર જીજે ૧૮ એએક્સ ૨૩૭૬ કિમત રૂપિયા ૪,૦૦,૦૦૦/- (૩) ટવેરા કાર નંબર જીજે ૧ આરએ ૪૭૬૩ કિમત રૂપિયા ૪,૦૦,૦૦૦/-(૪) સ્વિફ્ટ ડીઝાયર કાર નંબર જીજે ૧ આર ડબલ્યુ ૩૪૩૫ કિમત રૂપિયા ૫,૦૦,૦૦૦/- અને (૫) એસ ક્રોસ કાર નંબર જીજે ૧૮ બીઈ ૫૮૬૨ કિમત રૂપિયા ૪,૫૦,૦૦૦/- લઈ જઈ છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.વી.સોલંકી ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૩૬૪/૧૮**

**ગુજરાત યુનિવર્સીટીઃ** સુધીરભાઈ ગોપાલદાસ પટેલ (રહે.હાટકેશ સોસાયટી દર્પણ પાંચ રસ્તા નવરંગપુરા) એ ગુજરાત યુનિવસીટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૪/૧૨/૧૮ કલાક ૦૦/૩૦ થી ૭/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનમા અજાણી વ્યક્તિ પ્રવેશ કરી મકાનમાંથી (૧) હિરાના ત્રણ નંગવાળી સોનાની વિટી કિમત રૂપિયા ૬૦,૦૦૦/- (૨) સોનાની વીટી કિમત રૂપિયા ૪૫,૦૦૦/- (૩) કબાટના ડ્રોઅરમાંથી જુદી-જુદી કંપનીની ઘડીયાળ નંગ-૬ કુલ કિમત રૂપિયા ૫૦,૦૦૦/- અને (૪) મોબાઈલ ફોન કિમત રૂપિયા ૫૦૦/- મળી કુલ રૂપિયા ૧,૫૫,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.કે.ચૌધરી ચલાવે છે.

**આનંદનગરઃ** નિકુંજભાઇ મધુસુદનભાઇ મહેતા (રહે.સીલ્પ સિધ્ધી ફ્લેટ ગણેશ ગૃહ ઉદ્યોગ પાસે ટાઇમ્સ ઓફ ઇન્ડીયા પ્રેસ રોડ વેજલપુર) એ તા.૦૪/૧૨/૧૮ નારોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૧૧/૧૮ કલાક ૪/૦૦ થી તા.૦૧/૧૨/૧૮ રાતના ૧૦/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી (૧) સોનાની બુટીઓ નંગ-૩ કિમત રૂપિયા ૩૦,૦૦૦/- (૨) ચાંદીના ઝાંઝર નંગ-૨ કિમત રૂપિયા ૧૦,૦૦૦/- (૩) ચાંદીના સિક્કા કિમત રૂપિયા ૧૦,૦૦૦/- (૪) ચાંદીના ગલ્સ તેમજ ચાંદીની ગાય અને રોકડ રૂપિયા ૧૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૬૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.જાદવ ચલાવે છે.

**છઠ્ઠા માળેથી પડી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૩૬૫/૧૮**

**રામોલઃ** સરજનભાઈ ફતેસીંગ ભાઈ પટેલ (ઉ.વ.૨૮) (રહે. શરણમ એલીગંન્સ કર્ણાવતી એન્કેલવની બાજુમા ન્યુ મણીનગર) તા.૧૮/૦૯/૧૮ કલાક ૧૦/૩૦ વાગ્યાના સુમારે રાજુભાઈ પટેલની શરણમ એલીગંસ નામની સાઈટ ઉપર ધાબાની કીનારી ઉપર રહી ધાબાની સાઈડનુ માપ લેતા હતા તે વખતે ધાબાની કીનારી પરથી અકસ્માતે પગ લપસી જતા છઠ્ઠા માળેથી નીચે પડી જતા સારવાર માટે સ્વયંભુ હોસ્પીટલમા દાખલ કરવામાં આવ્યા હતા ત્યારબાદ વધુ સારવાર માટે બારીયા સરકારી હોસ્પીટલમા દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૮/૧૦/૧૮ રાતના ૮/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અમૃતભાઇ મોહનભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.